સત્યમેવ જયતે

રજુ તારીખઃ ૧૬/૧૨/૨૦૨૬
નોંધ્યા તારીખઃ ૧૬/૧૨/૨૦૨૬
ફેંસલ તારીખઃ ૦૮/૦૫/૨૦૨૬
અવધિઃ <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>

===========================================================

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ-સુરત**

===========================================================

**ફોજદારી કેસ નંબર 3425/2024**
**આંક-.......**

ફરીયાદી - શ્રી સરકાર.

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ (૧) સઇદ રઉફભાઇ શેખ
રહે.ભેસ્તાન આવાસ, સુરત
(૨) જાવેદ ઉર્ફે લંગડો જફારખાન પઠાણ
રહે.ઉન પાટીયા વાઇટ ચાલ, સુરત

<u>ગુન્હોઃ- બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨),૫૪ મુજબનો.</u>

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી કે.સી.રાવલ
આરોપી તરફે વિ.વકીલશ્રી પી.એસ.પટેલ

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

**<u>-// ચુ કા દો //-</u>**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદાગારી કરી, ફરિયાદીને રીક્ષામાં બેસાડી, ફરિયાદીને સરખા બેસવા આગળ પાછળ કરી, સોનાના દાગીના ચોરી કરી, ફરિયાદીને નીચે ઉતારી દઇ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ

ફરીયાદીએ આપતા બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨),૫૪ મુજબનો ગુન્હો ઉમરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૭૬૬/૨૦૨૪ થી નોંધાયેલ અને તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી તેમજ લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) સદરહુ કામે આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ, જેમાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક ૪ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક ૫,૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી. જેમા આરોપીએ પોતાની સામેના આક્ષેપ મુજબના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક ૯ થી ફરિયાદી સુભદ્રાબેન મંગળદાસની જુબાની, આંક ૧૦ થી ફરિયાદ, આંક ૧૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક ૧૨ થી પંચનામું રજુ કરેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજૂ થયા ફરિયાદપક્ષે કલોઝીંગ પુરસીસ આપેલ છે અને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ પણ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ હોઈ તે રીતે આ કામે ફરિયાદ પક્ષ તરફે વિશેષ કોઇ પુરાવો રજૂ થયેલ નથી. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવો ધ્યાને રાખતા આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાયેલ નહીં હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી અને આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ અલાયદો ઉલ્લેખ નહીં કરતાં સદરહું દલીલોનો, અહીં આપવામાં આવેલ કારણોમાં વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) આ કેસની તમામ હકીકતો,સંજોગો અને રજુ કરેલ પુરાવાઓને તથા બન્ને પક્ષે કરવામાં આવેલ દલીલોને ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દાઓ</u>

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદાગારી કરી, ફરિયાદીની રીક્ષામાં બેસાડી, ફરિયાદીને સરખા

બેસવા આગળ પાછળ કરી, સોનાના દાગીના ચોરી કરી, ફરિયાદીને નીચે ઉતારી દઇ બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨),૫૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણ //-**

**મુદ્દા નંબર-૧.**

(૭) આ કામે આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુનામાં આરોપી વિરૂધ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ આંક ૯ થી ફરિયાદી સુભદ્રાબેન મંગળદાસને સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાંવે છે કે, તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ તેઓની દિકરી ક્રીના ની દિકરી પ્રાશ્વીને ઈશાત હોસ્પીટલ ખાતે ખબર અંતર પુછવા માટે બપોરના ૦૪.૦૦ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળી ચાલતી ચાલતી સરગમ શોપીંગ સેન્ટરની સામે એવન કોકો પાસે આવતા તેમને શ્વાસ ચડેલ હોય, તેઓ ઉભી રહી ગઈ તે દરમ્યાન આશરે ૦૪.૩૦ વાગ્યાની આસપાસ એક કાળા કલરની ઓટો રીક્ષા કે જેનો નંબર હાલની તેમને યાદ નથી. તે રીક્ષામાં તેઓ બેઠેલી અને કહેલ કે “મારે સરગમ શોપીંગ સેન્ટર ખાતે જવુ છે.” જેથી રીક્ષા ચાલકે તેઓને પાછળ બેસવા માટે જણાવેલ ત્યારબાદ અંબાજી માતાનો ગેટ આવતા રીક્ષાવાળાએ યુટર્ન મારેલ અને તેઓની બાજુમાં બેઠેલા એક ઈસમે રીક્ષા ચાલકને બુમ પાડી કહેલ કે “મને બેસતા ફાવતુ નથી તુ રીક્ષા સાઈડ કરી દે.” જેથી તેઓને રીક્ષા ચાલકે સરગમ શોપીંગ સેન્ટર આગળ ઉતારી દીધી ત્યારબાદ તેઓ તેઓની દિકરીના સમાચાર લેવા હોસ્પીટલ ગયેલ ત્યારે તેઓના દિકરાના દિકરાએ તેઓને કહેલ કે “દાદી તમારા ગળામાં સોનાની ચેન કયા છે?” જેથી તેઓને જાણમાં થયુ કે “મારી સોનાની ચેન ચોરાઈ ગઈ છે.” જેથી બનાવ બાબતે તેઓએ ઉમરા પો.સ્ટે.માં ફરીયાદ કરેલ. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા તેઓની સહી છે. સદર ફરીયાદને રજુ દાખલ આંક ૧૦ આપવામાં આવે છે. તેઓનો ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ નથી. હાલના કામે ચોરીમાં ગયેલ મારો મુદ્દામાલ ભવિષ્યમાં મળી આવે તો તેઓ કલેઈમ કરશે. સાહેદ ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતા નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીની

વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવે છે અને ઉ.ત. કરવા પરવાનગી આપવામાં આવે છે.

ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસમાં કબૂલ રાખેલ છે કે પોલીસે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ માટે આઈડેન્ટીફીકેશન માટે તેઓને કયારેય બોલાવેલ નથી.

(૯) આ કામે ફરીયાદ પક્ષે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આંક ૯ થી ફરિયાદીએ સરતપાસમાં આ કામના આરોપીઓએ તેઓના ઘરેણાની ચોરી કરેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ નથી. તેમજ ફરિયાદીએ રીક્ષા નંબર ખબર ન હોવાનું જણાવેલ છે અને તેઓનો ચોરીમાં ગયેલ મુદ્દામાલ મળી આવેલ નથી અને હાલના કામે ચોરીમાં ગયેલ તેઓનો મુદ્દામાલ ભવિષ્યમાં મળી આવે તો તેઓ કલેઈમ કરશે તેવું જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસમાં કબૂલ રાખેલ છે કે પોલીસે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ માટે આઈડેન્ટીફીકેશન માટે તેઓને કયારેય બોલાવેલ નથી. આમ ફરિયાદીના પુરાવા થકી ફરિયાદીનો મુદ્દામાલ આ કામના આરોપીઓએ જ ચોરી કરેલ હોય તેવી કોઇ જ હકીકત નિશંકપણે સાબિત થતી નથી. આમ, ફરિયાદીપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપીએ જ ફરિયાદ હકીકત મુજબનો ગુનો કરેલ હોય તેવું નિશંકપણે સાબિત થતું નથી. આમ આ કામે કેસના રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદીના પુરાવાથી આરોપી સામેનો કેસ શંકાથી પર **(Beyond Reasonable Doubt)** પુરવાર થયેલ નથી.

કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે **"મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧"** માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article- 20 and 21 of the Constitution of India."

આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. જેથી હાલના

કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું ન હોય છોડી મૂકવા જોઈએ. જેથી મુદ્દા નંબરઃ ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવું છું.

<u>મુદ્દા નંબરઃ ૨</u> - આ કામે મુદ્દા નંબર-૧ ના પરિણામ સ્વરૂપ ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-// <u>હુ ક મ</u> //-**

1. આ કામનાં આરોપી/આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨),૫૪ મુજબના સજાને પાત્ર ગુન્હા માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આ ગુનાના કામે કબજે કરેલ મુદામાલ રીક્ષાનો વચગાળાનો હુકમ થયેલ હોય તે કાયમી રાખવામાં આવે છે અને જો હુકમ થયેલ ન હોય તો અપિલ સમય વિત્યા બાદ મુળ માલિકને પરત સોંપવો
3. આ કામના આરોપી/આરોપીઓએ અપિલ સમયના રૂ.૫,૦૦૦/- ના જામીન આપવાનો હુકમ કરવામા આવેછે.

હુકમ આજ તા.૦૮મી, માહે-મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૦૮/૦૫/૨૦૨૬**

**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**

**Judge Code : GJ01606**

**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**